# મોડાસાના રવિ કૃષિ મહોત્સવમાં મોડાસા ભુગર્ભ ગટર યોજનાનું ખાત મુહર્ત અભેરાઈએ ચઢાવી દેવાયું

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ૧૮ ડિસેમ્બરના રોજ ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલના અધ્યક્ષસ્થાને રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રવિ કૃષિ મહોત્સવ પહેલા જોરશોરથી પ્રચાર કરવામાં આવેલી મોડાસા શહેરની ભુગર્ભ ગટર યોજનાનું ખાતમુહૂર્ત કરવાનું અચાનક મુલત્વી રાખતા મોડાસાના પ્રજાજનોમાં નિરાશા વ્યાપી ગઈ.



અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ૧૮ ડિસેમ્બરે ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ મોડાસા શહેરની તાતી જરૂરીયાત એવી અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છતા અભિયાનમાં સહભાગી બની શકે તેવી અને મોડાસા શહેરમાંથી ગંદકી દૂર થાય તેવી મોડાસા શહેરની ભુગર્ભ ગટર યોજનાનું રૂપિયા ૨૯.૪૪ કરોડના ખર્ચે લોકાર્પણ મોડાસા શહેરમાં યોજાયેલ રવિ કૃષિ મહોત્સવમાં મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવનાર હતું.

પરંતુ કોઈ અગમ્ય કારણોસર મુલત્વી રખાતાં મોડાસાના પ્રજાજનો વિચારતા થઈ ગયા છે. મોડાસા શહેરમાં ભુગર્ભ ગટર યોજનાનું કામ જમીનના લેવલના કારણે પડતી મુશ્કેલીના કારણે વારંવાર પાછળ ઠેલાઈ જાય છે. છેક ૧૯૯૬ના વર્ષમાં નગરપાલિકા દ્વારા તત્કાલીન મુખ્યમંત્રીએ પમ્પીંગ સ્ટેશનનું ઉદ્‌ઘાટન કરી ગટરયોજના શરૂ કરાઈ હતી. પરંતુ મોડાસા શહેરના સાંકળા વિસ્તારના કારણે અને વહીવટીતંત્રની અણઆવડતના કારણે મોડાસા શહેરનો વિકાસ થયો હોવા છતાં મોડાસા શહેરની ભુગર્ભ ગટર યોજના ખોરંભે પડી છે. મોડાસા શહેરના પ્રજાજનોના મનમાં અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. મોડાસા નગરપાલિકા દ્વારા ગ્રાન્ટની ફાળવણી બાબતે પણ લોકમુખે ચર્ચાઓ થાય છે કે આટલી બધી ગ્રાન્ટ મળવા છતાં યોગ્ય આયોજનના અભાવે મોડાસા શહેર ભુગર્ભ ગટર યોજનાથી વંચિત રહેવાનો વારો આવ્યો છે.

# મેઘરજમાં વેપારીને મારી ગઠીયો ૫૦ હજાર લઈ ફરાર થઈ ગયો

મોડાસા, તા. ૧૯

મેઘરજ માર્કેટયાર્ડમાં સી-૧૩ નંબરની દુકાનના કપાસના વેપારી સદીકભાઈ એહમદભાઈ બાકરોલીયાની દુકાન પર કપાસ વેચવાના બહાને આવેલા ગઠીયાઓ રૂ. ૫૦,૭૦૦ ની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

શુક્રવારે વહેલી સવારે ૭.૦૦ વાગ્યાની આસપાસ ચોરો માર્કેટયાર્ડના પાછલા દરવાજેથી કપાસ લઈને વેચવા માટે દુકાનમાં આવ્યા હતા. બાદમાં કપાસનું વજન કરાવ્યું હતું અને સદીકભાઈએ કપાસના ભાવ મુજબ રૂ. ૩૦૦ આપ્યા હતા. અચાનક જ આવેલા ઈસમોએ વેપારીને પકડીને જમણી આંખની બાજુમાં મુક્કો મારી ખેંચતાણી કરી રૂ. ૫૦,૭૦૦ રોકડ લઈ ફરાર થઈ ગયા હતા. આ અંગે મેઘરજ પોલીસે અજાણ્યા ઈસમો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અરવલ્લી જિલ્લા પંચાયતનો શુભારંભ

## જિલ્લા પંચાયતના સદસ્યો અને મોડાસા ભીલોડાના ધારાસભ્યની હાજરીમાં શુભારંભ કરાયો

(સમીરબલોચ/જીતુ પટેલ દ્વારા)

મોડાસા, તા.૧૯

સાબરકાંઠા જિલ્લા માં થી ૬ તાલુકા છુટા પાડી ને નવરચિત અરવલ્લી જીલલાની રચના કરવામં આવી હતી અને વડામથક તરીકે મોડાસા શહેર ને જાહેર કરવામાં આવ્યુ હતુ ત્યારે અવલ્લી જીલ્લો બને આજે દોઢેક વર્ષ જેટલો સમય થઈ ગયો ત્યારે અરવલ્લી જીલ્લા ના કલેકટર બી.જે.ભટ્ટે અરવલ્લી જીલ્લા ને વિકાસ દિશા માં દોડતો કર્યો છે ત્યારે આજ રોજ મોડાસા ખાતે આવેલી ખેતીવાડી અધિકારી ની ઓફીસ માં અરવલ્લી જીલ્લા પંચાયત નો જીલ્લા વિકાસ અધિકારી નાગરાજન અને અરવલ્લી જીલ્લા કલેકટર ના હસ્તે રીબીન કાપી ને શુભારંભ કરવામાં આવ્યો હતો.



અરવલ્લી જિલ્લા પંચાયત નો શુભારંભ થતા મોડાસા બાયડ મેઘરજ માલપુર ભીલોડા અને ધનસુરા તાલુકા ની જનતા માં આનંદ ની લાગણી ફેલાઈ ગઈ હતી આ ૬ તાલુકા ની જનતા અત્યાર સુધી જિલ્લા પંચાયત ના કોઈપણ કામકાજ માટે હિંમતનગર ખાતે લાંબુ થવુ પડતુ હતુ જેની જગ્યાએ હવે મોડાસા ખાતે જિલ્લા પંચાયત શરૂ થતાં હિંમતજગર સુધી લાબુ થવુ પડશે નહિ હમણાં જ સરકાર ધ્વારા તા.૯ ડીસેમ્બર ના રોજ રાજપત્ર બહાર પાડી અરવલ્લી જીલ્લા પંચાયત ના પ્રમુખ માટે જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ હતુ હાલ અરવલ્લી જીલ્લા માં કુલ સભ્યો ની સભ્ય સંખ્યા ૨૨ છે જેમાં ૧૨ સભ્યો ભાજપા ના છે ત્યારે કોગ્રેસ ના ૧૦ સભ્યો છે ત્યારે ભાજપા માં અરવલ્લી જિલ્લા ના પ્રમુખ બનવા માટે અત્યાર થી જ ગાંધીનગર ખાતે લાગતા વળગતા મંત્રીઓ અને નેતાઓ પાસે પોતાના નામ માટે લોબીંગ શરૂ કરી દેવા માં આવ્યુ છે.

જિલ્લા પંચાયત સદસ્ય અરૂણભાઈ પટેલ ના જણાવ્યા અનુસાર આજ રોજ મોડાસા ખાતે આવેલી જિલ્લા ખેતીવાડી અધિકારી ના મકાન માં પુજા અર્ચના સાથે અરવલ્લી જિલલા ના ઈન્ચાજ વિકાસ અધિકારી નાગરાજન અને જિલ્લા કલેકટર બી.જે.ભટ્ટ મોડાસા અધીક કલેકટર એ.બી.પટેલ જિલ્લા પંચાયત પ્રમુખ હેમલત્તા બહેન જીલ્લા પંચાયત ના સદસ્ય અરૂણભાઈ પટેલ જશુભાઈ પટેલ નેહાબેન પટેલ ભીખીબેન પરમાર જયંતીભાઈ મોડાસા ધારાસભ્ય રાજુભાઈ ઠાકોર ભીલોડા ધારાસભ્ય અનીલભાઈ જોષીયારા બાયડ તાલુકા વિકાસ અધિકારી ચાવડા મોડાસા મામલતદાર તેમજ માલપુર ના તાલુકા વિકાસ અધિકારી પંચાયત વિભાગ ના ઈજનેર સી.આર.પટેલ તેમજ મોટી સંખ્યા માં જીલલા પંચાયત ના સદસ્યો અને અધિકારીઓ હાજર રહયા હતા.

# મોડાસામાં કલરવ સંસ્થા દ્વારા ફરતુ ચિત્ર પ્રદર્શન યોજાયું

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં મોડાસા કેળવણી મંડળ સંચાલિત કલરવ શિશુ-કિશોર વિકાસ કેન્દ્રમાં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના ઉપક્રમે હિંમતનગરની ભૂમિકા ગૃપ એન્ટરપ્રાઈઝ અને કલરવ શિશુ વિકાસ કેન્દ્રના સહયોગથી ૬ થી ૧૪ વર્ષના બાળકો માટે પાંચ દિવસના પેઈન્ટીગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરની કલરવ શિશુ-વિકાસ કેન્દ્રમાં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી અમદાવાદના ઉપક્રમે સાગર અકાદમી કલા સંસ્થાના સહયોગથી મોડાસા-સર્વોદય હાઈસ્કૂલના મેદાનમાં અરવલ્લી જિલ્લા કક્ષાનું ચિત્ર પ્રદર્શન ૧૬ ડિસેમ્બર સવારે ૧ કલાકે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.

આ પ્રદર્શનમાં મોડાસા શહેરની અગ્રણી શૈક્ષણિક સંસ્થાની શાળાઓના વિદ્યાર્થીઓ જેમાં કલરવ શિશુ-કિશોર વિકાસ કેન્દ્ર, મોડાસા હાઈસ્કૂલ પ્રાથમિક શાળા, સર્વોદય પ્રાથમિક શાળા, સરસ્વતી બાલમંદિર, સરસ્વતી વિદ્યાલય, મખદૂમ હાઈસ્કૂલ અને બી-કનઈના વિદ્યાર્થીઓએ ચિત્રકલા પ્રદર્શનમાં ભાગ લીધો હતો. જેના ઉદ્‌ઘાટન સમારંભમાં સમારંભના અધ્યક્ષ પદે મંડળના પ્રમુખ બિપીનભાઈ શાહ, ટ્રસ્ટી અને ઉદ્‌ઘાટક ઓચ્છવભાઈ ગાંધી, અતિથિ વિશેષ સરસ્વતી મંડળના પ્રમુખ નિલેષ જોષી, કનુભાઈ શાહ, સાગર કલા કેન્દ્રના ભરત વ્યાસ અને કલરવ શિશુ વિહાર કેન્દ્રના આચાર્ય રેણુકાબેન સોનીએ સૌનું સ્વાગત કર્યુ હતું. અતિથિ વિશેષ નિલેષ જોષીએ બાળકમાં રહેલી સુષુપ્ત અવસ્થાઓને બહાર લાવવા માટે કામ કરતી આવી સંસ્થાઓની સરાહના કરી હતી. તેમજ ખુબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભાગ લે તેવી આશા વ્યક્ત કરી હતી.




(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના સવગઢ ખાતે લઘુમતિ આઈ.ટી. સુલના નેજા હેઠળ સદસ્યતા નોંધણી કાર્યકમ યોજાવામાં આવ્યો હતો, જેમાં અસખ્ય મૂસ્લીમોએ સ્વંચ્છીક સદસ્યતા ધારણ કરી એક ભારત નેક ભારત બનાવવા દુઆઓ કરી હતી અને મુસ્લીમ સામજે ભારત વિશ્વના ફલક ઉપર -થમ હરોઈમાં રહે તેવી આશા વ્યકત કરી હતી. આ -સંગે ગુજરાત -દેશ ભાજપના સુલ કન્વીનર મનીશભાઈ એમ. પટેલ જિલ્લા ભાજપા કાર્યલયમંત્રી અતુલ સોમપુરા, જિલ્લા યુવા મહામંત્રી મિતેષભાઈ શાહ શહેર યુવા મોરચાના -મુખ બ્રિજેશભાઈ પટેલ, નિતેષભાઈ મહેતા, લઘુમતિ આઈ.ટી. સેલના જિલ્લાના કન્વીનર જાફરભાઈ દીવાન, લઘુમતિ આઈ.ટી. સેલ શહેર કન્વીર અમીનભાઈ શેખ લઘુમતિ મોરચાના ઉપ -મુખ લીયાકત શેખ ભાજપા કાર્યકર હુસેન દીવાન ડૉ. સફરરાજનવાજ કાજી. ડૉ. નઈમ પોથીગરા, મહેમુદભાઈ મનસુરી મન્જીલભાઈ કાદરી સદસ્યતા અભિયાનમાં જોડાયા હતા.

# મેઘરજના કુંભેરા ખાતે રવિ કૃષિ મહોત્સવ યોજાયો

મેઘરજ-માલપુર તાલુકાના રવિ કૃષિ મહોત્સવનું આયોજન કુંભેરા ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ હીરાજી ડામોર, ભીખાજી ડામોર, તાલુકા પ્રમુખ જયવંતિકાબેન, ભીખીબેન સહિત અનેક અધિકારી કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂતો જોડાયા હતા.

# મહેસાણા જિલ્લાના ખેરાલુ અને સતલાસણા તાલુકાનો ખેડૂત કલ્યાણ મેળો યોજાયો

મહેસાણા, તા. ૧૯

મહેસાણા જિલ્લાના ખેરાલુ અને સતલાસણા તાલુકાનો રવી કૃષિ મહોત્સવ ખેરાલુ માર્કેટ યાર્ડ ખાતે યોજવામાં આવ્યો હતો. રાજ્ય સરકારે જાહેર કરેલ કૃષિ વિકાસ વર્ષ અંતર્ગત ખેડૂતોના હિત માટે સમગ્ર રાજ્યમાં રવી કૃષિ મહોત્સવનું આયોજન કરાયું છે. ખેરાલુ ખાતે ખેતીવાડી વિભાગ અને આત્મા મહેસાણાના સંયુક્ત ઉપક્રમે ખેરાલુ ખાતે ખેડૂત કલ્યાણ અને કૃષિ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકારે કૃષિ ક્ષેત્રે કરેલ નવી પહેલમાં આ બન્ને તાલુકાના ૯૦ લાભાર્થીઓને ૭,૧૧,૨૫૨ રૂપિયાની સહાય ગુજરાત વિધાનસભાના નાયબ દંડકશ્રી આત્મારામ પટેલ તેમજ સંસદીય જળસંપત્તિ સચિવશ્રી ભરતસિંહ ડાભીના અધ્યક્ષ સ્થાને આપવામાં આવી હતી. રવી કૃષિ મેળામાં ખેતીવાડી બાગાયત અને જી.જી.આર.સી.ની વિવિધ યોજનાની સીધી સહાય આપવામાં આવી હતી. આ ઉપરાંત બન્ને તાલુકાના ચાર ગામોના ફર્ટીલીટી મેપ સરપંચશ્રીને એનાયત કરવામાં આવ્યા હતા.

રવી કૃષિ મહોત્સવમાં ઉપસ્થિત ગુજરાત વિધાનસભાના નાયબ દંડકશ્રી આત્મારામ પટેલે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે ગામડાના ખેડૂતોની ચિંતા કરી છે. મહેસાણા જિલ્લો ગુજરાતને માર્ગદર્શન અને દિશા સુચન આપવાનું કામ રાજ્યના મહિલા મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન પટેલ દ્વારા કરી રહ્યો છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ શાસનના પ્રથમ વર્ષને કૃષિ વર્ષ જાહેર કરીને ખેડૂતોના હિત માટે કામ કર્યુ છે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ૧૮૦ જેટલા રવી કૃષિ મહોત્સવનું આયોજન કરાયું છે.

વિધાનસભાના નાયબ દંડકશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ગામડામાં ખેડૂતો સાથે રહીને ખેડૂતોના હિતમાં કેવા પ્રકારની કૃષિ આયોજન કરવું તે પ્રકારનું ઉમદા કામ કરી રહી છે. રાજ્ય કે રાષ્ટ્રના વિકાસમાં ગામડાનો વિકાસ જરૂરી છે. અને ગામડાનો વિકાસ ખેડૂતોના વિકાસ થકી શક્ય છે. રાજ્યના ખેડૂતો રવી કૃષિ મહોત્સવનો લાભ મેળવી આધુનિક પદ્ધતિ અપનાવી રાજ્ય સરકારના આ ભગીરથ પ્રયાસમાં સહયોગ આપે તેમ જણાવ્યું હતું.

રવી કૃષિ મહોત્સવમાં ઉપસ્થિત જળસંપત્તિ સંસદીય સચિવશ્રી ભરતસિંહ ડાભીએ જણાવ્યું હતું કે રવી કૃષિ મહોત્સવ ખેડૂતો માટે કલ્યાણકારી મેળો બન્યો છે. રવીકૃષિ મહોત્સવમાં માહિતી મેળવી ખેતી અને પશુપાલનમાં ઉપયોગ કરી ખેત ઉત્પાદકતા વધારવા જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ ખેડૂતો માટેની વિવિધ યોજનાઓ થકી ખેડૂતો માટે હિતકારી નિર્ણયો લીધા છે. કૃષિ મહોત્સવના પગલે ખેડૂતોની આવકમાં વધારો થયો છે તેમજ રાજ્યના ઉત્પાદનમાં અને કૃષિ વિકાસ દરમાં પણ વધારો થયો છે.

# આઈએએસ એકેડેમીમાં 'નવોન્મેષ-૨' માટે નોંધણી

વલ્લભ વિદ્યાનગર, ૧૯

ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) સંચાલિત સીવીએમ આઈએએસ એકેડેમીના ઉપક્રમે સંઘ લોક સેવા આયોગ (યુપીએસસી)ની સનદી સેવાઓમાં માટેના તાલીમી વર્ગની નવી બૅચમાં આઈએએસ માટે તાલીમ અને માર્ગદર્શન મેળવવા ઈચ્છુકોની જાગૃતિ માટેનો 'નવોન્મેષ -૨' કાર્યક્રમ આગામી ૨૩ ડિસેમ્બરે સીડીસી ભવન, વલ્લભ વિદ્યાનગર ખાતે સ્પીપાના આઈએએસ તાલીમ કેન્દ્રના નિવૃત્ત સંયુક્ત નિયામક અને ગુજરાત સરકારના નિવૃત્ત સંયુક્ત સચિવ શ્રી જે.એમ.આચાર્ય અને બીજા યુપીએસસીની પરીક્ષા પાસ કરી સનદી સેવામાં જોડાનારા અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાશે. આ કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાને ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલ રહેશે. 'નવોન્મેષ - ૨'માં સહભાગી થવા ઈચ્છુક સ્નાતકોએ સીડીસી ભવન ખાતે આગોતરી નોંધણી કરાવી લેવા જણાવાયું.

સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની અપેક્ષા વધુને વધુ સ્નાતકો આઈએએસ, આઈપીએસ અને જીએએસ કૅડરની સેવાઓમાં જોડાય તે માટે શક્ય તેટલી ઘનિષ્ઠ તાલીમ આપવાની રહે છે. એના આયોજનના ભાગરૂપે સીવીએમસંચાલિત એચ.એમ.પટેલ કેરિયર ડૅવલપમેન્ટ સૅન્ટર (સીડીસી)ના ભવનમાં તમામ માળખાકીય સુવિધાઓ ઉપરાંત અત્યાધુનિક ઈન્ટરનેટ અને ગ્રંથાલય તેમ જ વિષયતજજ્ઞોના માર્ગદર્શનમાં યુપીએસસીની પ્રીલિમ્સ પરીક્ષા યોજાય ત્યાં લગી તાલીમ વર્ગોમાં વિષયતજજ્ઞો ઉપરાંત નિવૃત્ત તેમ જ સેવારત આઈએએસ, આઈપીએસ અને ગેસ કૅડરના અધિકારીઓનું માર્ગદર્શન મળે તેવો ઉપરોક્ત તાલીમ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હોવાનું સીડીસી અને આઈએએસ એકેડેમીના નિયામક ડૉ.હરિ દેસાઈએ જણાવ્યું હતું. આઈએએસ એકેડેમીમાં તાલીમ અને માર્ગદર્શન માટેની નવી બૅચમાં સીમિત સંખ્યામાં પ્રવેશ આપવાનો હોઈ વહેલો તે પહેલોને ધોરણે અને પ્રવેશ પરીક્ષા પાસ કરનાર સનદી સેવામાં જોડાવા ઈચ્છુકો એવા નિયમિત હાજરી આપનારાઓને પ્રવેશ અપાશે એવું પણ તેમણે જણાવ્યું હતું.

# ભાભરમાં રવિ કૃષિ મહોત્સવ યોજાયો

પાલનપુર, તા. ૧૯

બનાસકાંઠા જિલ્લાના ભાભર મુકામે રવિ કૃષિ મહોત્સવની ઉજવણી -સંગે ભાભર અને દિયોદર તાલુકાનો સંયુકત કૃષિ મહોત્સવ કૃષિ તથા સહકાર અને પશુપાલન વિભાગના મંત્રી શ્રી બાબુભાઈ બોખીરીયાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં ખેતીવાડી અને પશુપાલન ખાતાની વિવિધ યોજનાઓના ૩૪૩ લાભાર્થી ખેડુતોને રૂ. ૧.૮૨ કરોડની સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને અત્યારે આપણા લોક-િય વડા-ધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની સુચના અને માર્ગદર્શનથી શરૂ થયેલ કૃષિ મહોત્સવ અભિયાનને વિક્રમજનક સફળતા મળી છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયાએ જણાવ્યુ હતું કે સરકાર ખેડૂતોના હિત અને કલ્યાણ માટે સક્રિય અને કટિબધ્ધ છે એટલે જ ખેડૂતોના હિત માટે રાજય સરકારશ્રી દ્વારા રૂ. ૧૧૦૦ કરોડનું પેકેજ જાહેર કરવામાં આવ્યુ છે. તેમણે કહ્યું કે રવિ કૃષિ મહોત્સવમાં ખેડૂતોને રૂ.૭૦૦ કરોડની સહાય આપવામાં આવશે. મંત્રીશ્રીએ જણાવ્યું કે પશુપાલન ક્ષેત્ર દ્વારા વિકાસકૂચને ઝડપી વેગ મળે તે માટે સરકારશ્રી દ્વારા સંગીન -યાસો કરવામાં આવી રહ્યા છે. તેમણે જણાવ્યું કે બનાસકાંઠામાં નર્મદાનાં નીર આવતાં સુકા અને રણ વિસ્તાર ગણાતા જીલ્લાના પશ્ચિમ વિસ્તારમાં સમૃધ્ધિ અને સુખાકારી જોવા મળે છે. ઓર્ગેનીક ખેતી તરફ વિશેષ ધ્યાન આપીએ. તેમણે કહ્યું કે બનાસકાંઠા જીલ્લાના ખેડતો અને પશુપાલકોએ સિધ્ધિઓનાં શિખરો સર કરી રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય કક્ષાએ નામના મેળવી છે તે કૃષિ મહોત્સવને આભારી છે. મંત્રીશ્રીએ કહ્યું કે બનાસકાંઠા જીલ્લાના ખેડૂતો મહેનતુ અને બહુ જાગૃત છે પરીણામે ટપક અને ફુવારા પધ્ધતિ અપનાવીને સમગ્ર રાજયમાં મોખરે રહીને -ેરણાદાયી બન્યા છે.

રાપર વિસ્તાર વિકાસ સત્તામંડળના અધ્યક્ષશ્રી કેશુભા વાઘેલાએ જણાવ્યુ દેશના વડા-ધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડુતોને આધુનીક ખેતપધ્ધતિઓ અને વૈજ્ઞાનીક ખેતી વિશે ઘેર બેઠાં માર્ગદર્શન આપવા કૃષિ મહોત્સવની શરૂઆત કરાવી હતી. જેના ખુબ સારા પરિણામો મળ્યા છે. તેમણે કહ્યું કે રાજયમાં યોજાઈ રહેલા કૃષિ મહોત્સવ અભિયાનને વિક્રમજનક સફળતા મળી છે જેના લીધે છેલ્લા દસ વર્ષથી સમગ્ર દેશના કૃષિ ઉત્પાદનમાં ગુજરાત -થમ સ્થાને છે. તેમણે કહ્યુ કે કૃષિ મહોત્સવમાંથી વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન મેળવી ખેડુતો ખુબ સારુ ખેત ઉત્પાદન અને આવક મેળવી શકે છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પ્લેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦